ગુજરાત સમાચાર

Mumbai 18 April, 2020

કોરોના મહામારીના સમયમાં

# ૧૫ લાખ લોકોના જઠરાગ્નિ ઠારે છે શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ

મુંબઈ, તા.૧૭

હાલના તબક્કે કોવિડ-૧૯ સામે જંગ લડી રહેલા લોકો માટે ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમે તેના સંસ્થાપક ગુરુદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી રાહત કાર્યની પહેલ કરી છે.

## કોવિડ-૧૯ યોધ્ધાઓની કાળજીમાં પણ અગ્રેસર

'પોતાના અંતરાત્માને ઓળખો અને અન્યોની નિઃસ્વાર્થ સેવા કરો'ના મંત્ર સાથે આ આશ્રમના ૫૦૦ જેટલા સ્વયંસેવકો તેમજ સંન્યાસીઓ વિશ્વભરના કોવિડ-૧૯ના પ્રથમ હરોળના યોધ્ધાઓ સમાન સ્વાસ્થ્ય કર્મચારીઓ, શ્રમિકો, શેરીના પ્રાણીઓની પ્રાથમિક જરૂરિયાતો પૂરી કરી રહ્યાં છે. આ રાહત કાર્ય મુંબઈ, પુણે, વડોદરા, સુરત, અમદાવાદ, ચેન્નઈ, બેંગ્લોરથી લઈને બ્રિટન સુધી વિસ્તારવામાં આવ્યું છે.

તબીબો, પરિચારિકાઓ, પોલીસકર્મીઓ, કચરાનું વ્યવસ્થાપન કરનારાઓ અને સરકારી અધિકારીઓ જેવા પ્રથમ હરોળના સિપાહીઓને પૌષ્ટિક આહારના પેકેટો સાથે માસ્કસ અને સેનિટાઈઝર્સ જેવી વસ્તુઓ પણ વિતરિત કરવામાં આવે છે. જ્યારે દહાડી મજૂરોને એક મહિના સુધી ચાલે એટલું અનાજ, તેલ, મસાલા ઈત્યાદિ ભરેલા કોથળા આપવામાં આવી રહ્યાં છે. અહીંના સ્વયંસેવકો ધરમપુરના આશ્રમ ખાતે અત્યંત સ્વચ્છતાથી ખીચડી અને છાશ તૈયાર કરે છે અને હજારો લોકોને શાકભાજી, ફુડ પેકેટ્સ અનાજ ઈત્યાદિ વહેંચે છે. તેમણે જરૂરિયાતમંદોની સગવડ માટે અને તેમને માહિતી પૂરી પાડવા ખાસ હેલ્પલાઈન શરૂ કરી છે. આમ એક મહિના સુધી લગભગ ૧૫ લાખ જેટલા ભોજન ઈત્યાદિના પેકેટ વિતરિત કરવામાં આવશે.

સ્વાસ્થ્ય કેન્દ્રોમાં કાર્યરત તબીબી કર્મચારીઓ અને દરદીઓ માટે વેન્ટિલેટર્સ, પથારીઓ ટેમ્પરેચર, ગન્સ ઉપરાંત એન૯૫ માસ્કસ, બાયોસૂટ્સ, સ્ટરિલાઈઝર્સ અને ડિસ્પોઝેબલ્સ જેવા

(અનુસંધાન ૯મા પાને)

# ૧ ૫ લાખ

## (ત્રીજા પાનાનું ચાલુ)

(ત્રીજા પાનાનું ચાલુ)

રક્ષણાત્મક સાધનો વિતરિત કરવામાં આવશે. એટલું જ નહીં, શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પિટલના તબીબો સરકારી હોસ્પિટલોના તબીબો તેમજ પરિચારિકાઓને ઈન્ટ્યુલેશન તેમજ વેન્ટિલેશન વિષયક તાલીમ પણ આપી રહ્યાં છે. તદુપરાંત આશ્રમના સ્વયંસેવકો અંતરિયાળ વિસ્તારોમાં રહેતાં લોકોમાં કોરોનાના લક્ષણો, આ મહામારીથી બચવા માટે જરૂરી સાવચેતીના પગલાં ઈત્યાદિ વિશે જાગૃતિ પણ ફેલાવી રહ્યાં છે.

શ્રીમદ્ રાજચંદ્ર મોબાઈલ વેટેરિનરિયન સર્વિસ દ્વારા લોકડાઉનના સમયમાં ભૂખે મરી રહેલાં શેરીના હજારો પશુઓની ભૂખ ભાંગવામાં આવી રહી છે. ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમે સરકારને ખાતરી આપી છે કે લોકડાઉન સમાપ્ત થયા પછી પણ જરૂર પડ્યે તેમની તબીબી સામગ્રી અને અન્ય સહાય જારી રાખશે.